| Publication: Sandesh (Business) | Edition: Ahmadabad |
| --- | --- |
| Date: September 19, 2016 | Page: 1 |

અસાધારણ રિસ્પોન્સના પગલે 'જીએનએ'માં ઈશ્યૂ બંધ થયા બાદ ગ્રે માર્કેટમાં રૂ.૪૦-૪૨ના પ્રીમિયમે કામકાજ થવાની અનોખી ઘટના...

# ગ્રે માર્કેટમાં પહેલો ઘા રાણાનો, રહી ગયા તે પસ્તાયાનો ઘાટ

- ICICI- પ્રુ લાઈફનો મેગા ઈશ્યૂ ૧૯મીએ, પ્રીમિયમ ઉપલા મથાળેથી અડધા -
- એચપીએલ ઈલે.માં સાકર બજારમાં સોદા ટૂંકમાં શરૂ થવા વકી
- એલએન્ડટી ટેકનોમાં એક તબક્કે પ્રીમિયમ રૂ.૯૦ બોલાયા હતા હાલ ૭-૮માં પણ બાયર ગેરહાજર!

ગ્રે માર્કેટની ગતાગમ
• એટીકેટી

ગ્રે માર્કેટમાં છેલ્લા દસેક આઈપીઓથી સડસડાટ દોડીને પછીથી હાંફી જવાનો સિલસિલો શરૂ થયો છે. આઈપીઓ આવવાનું પાકું થાય એટલે પ્રીમિયમના કામકાજ શરૂ થઈ મોટા ઉપાડે વધવા માંડે છે. ઈશ્યૂ ખુલવાનો સમય જેમ જેમ નજીક આવવા માડે તેમ તેમ પ્રીમિયમ ઘટવા લાગે છે. મતલબ કે જે વહેલાં વેચી નાંખે છે તે ફાવે છે, વધુ લાભ ખાટવાની રાહ જોનારા પસ્તાય છે. તાજેતરમાં જેનો આઈપીઓ આવી ગયો તે એલ એન્ડ ટી ટેકનોલોજીમાં ગ્રે માર્કેટમાં પ્રીમિયમ હાલ માંડ રૂ.૭ના સેલર્સમાં ચાલે છે. એક તબક્કે અત્રે ૯૦નો આંકડો થયો હતો. મિનિમમ એપ્લિકેશનના ફોર્મના રેટ રૂ.૫૦૦-૫૫૦ની ટોચથી ઘટીને હાલ રૂ ૨૦૦-૨૨૫ સંભળાય છે. રૂ બેની ફેસ વેલ્યૂવાળા શેર દીઠ રૂ.૮૫૦-૮૬૦ની પ્રાઈસ બેન્ડ સાથે રૂ.૮૯૪ કરોડની સાઈઝની વાળો આ આઈપીઓ આશરે અઢી ગણો ભરાયો છે. રિટેલ પોર્શન પોણા બે ગણો ભરાયો છે. શેરદીઠ રૂ. ૨૦૫-૨૦૭ની પ્રાઈસ પ્રાઈસ બેન્ડ વાળો જીએનએ એકસેલનો આઈપીઓ ૫૫ ગણો અને રિટેલમાં લગભગ બાર ગણો છલકાઈ જતાં લિસ્ટિંગ ટ્રેડ-ટૂ-ટ્રેડમાં હોવા છતાં ગ્રે-માર્કેટમાં રૂ.૪૦-૪૨ના પ્રીમિયમની ધારણા શરૂ થઈ ગઈ છે. લિસ્ટિંગ બાદ તોફાન થવાના આ અણસાર કહી શકાય!

આઈસીઆઈસીઆઈ- પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સનો રૂ.૧૦ના શેરદીઠ રૂ.૩૦૦-૩૩૪ની પ્રાઈસ બેન્ડવાળો મેગા આઈપીઓ ૧૯મીએ ખુલશે. વીમા સેક્ટરની પ્રથમ કંપની લિસ્ટિંગ મેળવી રહી છે. ઈશ્યૂ ઓફર ફોર સેલ સ્વરૂપનો છે. ઉપલી પ્રાઈસ બેન્ડ પ્રમાણે ઈશ્યૂની સાઈઝ રૂ.૬૦૫૬ કરોડની બેસે છે. છેલ્લા ત્રણ વર્ષની કામગરી પ્રમાણે સરેરાશ શેર દીઠ કમાણી ૧૧.૪ આવે છે. પ્રીમિયમની આવક અને એસેટ્સની રીતે આઈસીઆઈસીઆઈ-પ્રુ લાઈફ ખાનગી ક્ષેત્રની લાર્જેસ્ટ વીમા કંપની છે. વીમા ક્ષેત્રના ગ્રોથની વિશાળ તક દેશમાં મૌજુદ છે. બસ વેલ્યૂએશન થોડુક ઊંચું લાગે છે. ગ્રે-માર્કેટમાં હાલ પ્રીમિયમ રૂ.૨૦-૨૨ ચાલે છે. જે અગાઉ એક તબક્કે રૂ.૩૬ થઈ ગયા હતા. મિનિયમ એપ્લીકેશનના ફોર્મના ભાવ ઊંચામાં રૂ.૧૬૦૦ બોલાયા હતા. હાલ તે રૂ.૮૦૦-૮૫૦ સંભળાય છે.

એક અન્ય કંપની એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર રૂ.૩૬૦ કરોડના આઈપીઓ સાથે ૨૨મીએ બજારમાં આવશે. હાલ કોઈ સોદા ગ્રે માર્કેટમાં નથી. રૂ.૧૦ના શેરની પ્રાઈસ બેન્ડ રૂ. ૧૭૫થી રૂ.૨૦૨ની છે. પ્રાઈસ બેન્ડ વચ્ચે આટલો મોટો ગાળો નજીકના ભૂતકાળમાં ક્યારેય જોવાયો નથી.



બે મેગા ઈશ્યૂ સામે જીએનએ જેવો નાનો આઈપીઓ ૫૫ ગણો ભરાઈ જતાં ઈશ્યૂ બંધ થયા બાદ ગ્રે માર્કેટમાં ૪૦-૪૨ના પ્રીમિયમે સોદા પડ્યા તે જોતાં એચપીએલ ઈલેક્ટ્રિકમાં પણ ગ્રે માર્કેટના સોદા નવા સપ્તાહથી શરૂ થાય તો નવાઈ નહિ.